# સોજા સાર્વજનિક શાળા ખાતે શાળા સલામતી સપ્તાહ અંતર્ગત દિલધડક પ્રયોગો યોજાયા

ગાંધીનગર, તા. ૨૯

કલોલ તાલુકાની શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજાના ઉપક્રમે તા. ૨૫ થી ૨૯ જૂન દરમિયાન શાળા સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

શાળાઓની સલામતી બાબતે વિદ્યાર્થીઓ અને વાલીઓને માહિતગાર કરવા તેમજ વિવિધ આપત્તિ-આપદા સામે બચાવ કરવાની પ્રવૃત્તિઓની સમજ કેળવવાના ઉદ્દેશથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ દરમિયાન માણસા નગરપાલિકાના ફાયર સેફ્ટી વિભાગની ટીમ દ્વારા આગ લાગે ત્યારે કઈ પ્રવિધિઓ અજમાયશ કરવી તે અંગેનું સુંદર જીવંત નિદર્શન-પ્રદર્શન ગોઠવવામાં આવ્યુ હતુ. શાળાના બાળકો અને




ગ્રામજનો સમક્ષ દિલધડક પ્રયોગો



દ્વારા ખૂબ સુંદર અને ઉપયોગી માહિતી પુરી પાડવામાં આવી હતી. કાર્યક્રમમાં હિતેન્દ્ર ચારણ, અલ્પેશસિંહ, પ્રદીપ સોલંકી અને તેમની ટીમનો સુયોગ્ય સહકાર-સહયોગ પ્રાપ્ત થયો હતો. પૂર, ભૂકંપ, અકસ્માત, કુદરતી આપત્તિઓ અને વાવાઝોડા સામે જનજાગૃતિ ફેલાવવા પ્રાથમિક સારવાર સહિતના ઉપચારાત્મક અને નિદાનાત્મક ઉપાયોનું પણ આ તબક્કે અસરકારક માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

આ ઉપરાંત ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા બાળકો અને ઉપસ્થિત ગ્રામજનોને તાત્કાલિક પ્રાથમિક સારવાર અને દર્દી બચાવ પ્રવૃત્તિઓનું નિદર્શન કરવામાં આવ્યુ હતુ. એમ્બ્યુલન્સ વાનમાં રહેલી આધુનિક સુવિધાઓથી નાગરિકોને વાકેફ કરવામાં આવ્યા હતા.

# ભિલોડાના પ્રાંત અધિકારીના ઉદ્ધત વર્તન બદલ મુખ્યમંત્રી કક્ષાએથી કાર્યવાહીના આદેશો

ભિલોડા, તા. ૨૯

અરવલ્લી જીલ્લમાં સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ પ્રજાજનો સાથે ઉદ્ધતાઈપૂર્વક વર્તન કરતા હોવાની અને મનસુફીથી ફરજ બજાવતા હોવાની પ્રજાજનોમાં બૂમો ઉઠી છે. ત્યારે પુર અને આપત્તિ જેવી પરિસ્થિતિમાં સ્ટેન્ડ ટુ રહેવાની જવાબદારી સોંપાયેલ અધિકારી દ્વારા તાજેતરમાં ભિલોડા ખાતે નદીઓમાં પુરની પરિસ્થિતિ સર્જાતાં ઈન્ટરવ્યુ માટે ગયેલા પત્રકારોને ભિલોડાના પ્રાંત અધિકારી દ્વારા પત્રકારો સાથે બેજવાબદારભર્યું વર્તન કરી ઉદ્ધત ઉડાઉ જવાબો આપવામાં આવ્યા હતા. પત્રકારોએ સમગ્ર ઘટના અંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીને અને જિલ્લા કલેક્ટર એમ.નાગરાજનને ઈ-મેલ દ્વારા જાણ કરી સરકારની છબી ખરડાતા બેજવાબદાર અધિકારી સામે યોગ્ય કાર્યવાહી કરવા માટે રજુઆત કરી હતી. જેના અનુસંધાને મુખ્યમંત્રીકક્ષાએથી તાત્કાલીક ભિલોડાના પ્રાંત અધિકારી સામે કાર્યવાહી કરવાના આદેશો જિલ્લા કલેક્ટરને આપી તેનો રીપોર્ટ સુપ્રત કરવા જણાવ્યું હતું.

શામળાજી જતા માર્ગ ઉપર બુઢેલી પુલ પરથી પાણી વહેતા ચાર કલાક જેટલો સમય આ રોડ ઉપરથી પસાર થતો ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. હાથમતી અને બુઢેલી નદીમાં પુરની પરિસ્થિતિમાં નદી કાંઠાના ગામોના લોકોને વહીવટી તંત્ર દ્વારા સુરક્ષાના શું પગલાં લેવાયા છે તેમજ તંત્ર દ્વારા આ વિસ્તાના લોકોને સુરક્ષા અંગે કોઈ એલર્ટ જાહેર કરાયું છે કે કેમ તે અંગેની માહિતી મેળવવા માટે કેટલાક પત્રકારો ભિલોડા મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા. હાજર પ્રાંત અધિકારી ઈલાબેન આહીરને પુરની પરિસ્થિતિ અંગે સવાલો કરતાં તેઓ મીડિયાકર્મીઓને જણાવ્યું કે એ તમારો પ્રશ્ન છે અમારે કોઈ ઈન્ટરવ્યુ નથી આપવું સદર બાબતે મીડિયાને તાત્કાલિક બહાર જવાનું જણાવી અમને રૂટિન કામ કરવા દો કહી જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કર્યો હતો.



મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂ સાથે ફળદાયી મુલાકાત વેળાની તસવીર.

# મોડાસા સહીત તાલુકાના શિક્ષકોને ઓરી-રૂબેલા રસીકરણ માટે આરોગ્ય વિભાગ તાલીમ આપશે

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેર અને તાલુકામાં નવ માસથી લઈને ૧૫ વર્ષ સુધીના બાળકોને પણ આ રસીકરણ અભિયાન અંતર્ગત ઓરી અને રૂબેલાની રસી આપવામાં આવનાર છે. આંગણવાડી, શાળા અને હાઈસ્કૂલમાં અભ્યાસ કરનાર બાળકોને પણ આવરી લેવાના હોવાથી તાલુકા હેલ્થ કચેરી મોડાસા દ્વારા પરિપત્ર બહાર પાડી શિક્ષકોને તાલીમમાં હાજર રહેવા અને પેનડ્રાઈવ સાથે લઈ આવવા જણાવાયું છે.

ઓરી અને રૂબેલા રસીકરણ અભિયાન સમગ્ર દેશમાં હાથ ધરવાનું છે જે અંતર્ગત મોડાસા શહેર અને જીલ્લામાં પણ આ રસીકરણ અસરકારક કરવામાં આવે તેના ભાગરૂપે માઈક્રોપ્લાનીંગ કરવામાં આવ્યું છે. મોડાસા શહેર અને તાલુકાની તમામ સરકારી અને ખાનગી શાળાના બાળકોને રસીકરણ કરવામાં આવશે. મોટા ભાગના બાળકોને શાળા કે આંગણવાડીમાં રસી આપવાની હોવાથી શાળાના સ્ટાફ અને ખાસ કરીને શિક્ષકોને પણ આ બાબતે તાલીમ આપવા માટે શિક્ષકોને તાલીમમાં હાજર રહેવા તાલુકા આરોગ્ય અધિકારી અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા પરિપત્ર કરી ઓરી અને રૂબેલાની રસીકરણ અંતર્ગત હાજર રહેવા પેનડ્રાઈવ સાથે ફરમાન કરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર તાલીમમાં રસી આપ્યા બાદ બાયોમેડિકલ વેસ્ટના નિકાલ બરાબર થાય અને રસી આપ્યા બાદ બાળકને કોઈ આડઅસર તો થઈ નથીને તે બાબતે મોનીટરીંગ માટે પણ તાલીમ આપવામાં આવશે તેવું જણાવ્યું હતું.

# મજરા સાબર ગર્લ્સ કોલેજ ખાતે મહિલા ઉદ્યોગ સાહસિકો માટે માર્ગદર્શન સેમિનાર યોજાયો

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના મજરા ખાતે આવેલ સાબર ગર્લ્સ કોલેજ ખાતે મહિલા ઉધોગ સાહસિકો માટેનું માર્ગદર્શન સેમિનાર યોજાયો. જીલ્લા ઉધોગ કેન્દ્ર હિંમતનગર સાબરકાંઠા અને એકશન ગૃપ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે વિશ્વ એસ.એમ.ઈ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગર્લ્સ કોલેજ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં જીલ્લા ઉધોગ કેન્દ્રના ડી.બી. પરમાર, આર.બી. નિનામા, ડી.એ. ચાવડા, ફાલ્ગુનભાઈ જી. પટેલ સહિત ઉપસ્થિત રહીને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું અને સહકારની વિવિધ પ્રોત્સાહક યોજનાઓ અંગેની ઉધોગ સ્થાપનાથી માંડી રજીસ્ટ્રેશન, નાણાંકિય સહાય, સબસીડી તથા પ્રોત્સાહક ઈનામોની વિગતવાર માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તો આજુબાજુના ગામોની ઉધોગકાર બહેનોએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શૈલેષભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ચિલોડા પોલીસને સેન્ટ્રો ગાડીમાં મોં પર ટેપ મારેલી બે બકરી મળી

ચિલોડા પોલીસે આજે વહેલી સવારે વાહન ચેકીંગ દરમિયાન અમદાવાદ તરફ જતી સેન્ટ્રો કારનો ફિલ્મી ઢબે પીછો કરી પાલજ પાટીયા પાસેથી સેન્ટ્રો કાર બિનવારસી હાલતમાં કબજે લીધી હતી. પોલીસે કારમાં તપાસ કરતા મોં ના ભાગ પર ટેપ વીંટાળેલી હાલતમાં બે બકરી મળી આવી હતી. પોલીસે બકરીઓનું પંચનામુ કરીને એનીમલ એક્ટ હેઠળ અજાણ્યા ઈસમો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ બકરીઓ ચોરી કરીને લઈ જવાતી હોય તેવી શક્યતાઓ પોલીસ સૂત્રોએ વ્યક્ત કરી છે.



**મોડાસાના હંગામી એસટી બસ સ્ટેન્ડના પ્રવેશદ્વાર નજીક પાણી ભરાતા મુસાફરોને હાલાકી**

મોડાસા એસટી બસ સ્ટેન્ડનું હાલ અત્યાધુનિકરણ કરવાનુ કામકાજ હાથ ધરાતા બસ સ્ટેન્ડ હંગામી ધોરણે મોડાસાની સહકારીજીનના મેદાનમાં ખસેડવામાં આવ્યું છે. બસ સ્ટેન્ડના ચાર રસ્તાથી પ્રવેશ રસ્તા પર પ્રથમ ગેસ્ટ હાઉસ નજીક પ્રથમ વરસાદે જ પાણી ભરાઈ જતા વરસાદી પાણીનો જવાબદાર તંત્ર દ્વારા યોગ્ય નિકાલ ન થતા નાનકડું સરોવર સર્જાતા બસ સ્ટેન્ડમાં બેસવા જતા કે બહારથી આવતા ઉતારુઓને પાણીમાંથી પસાર થવું પડતું હોવાથી ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. પાણી ભરાઈ રહેતા ગંદકી પણ થતા મુસાફરો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. મુસાફરોએ પ્રવેશદ્વાર આગળ ભરાયેલ પાણીનો તાત્કાલિક જવાબદાર તંત્ર દ્વારા નિકાલ કરવાની માંગ સાથે પાણી ભરાયેલ સ્થળે માટીકામ કરવાની માંગ કરી હતી.

## કંપની સમાચાર

### બ્લુ સ્ટારે વિસ્તારી અનોખી - ઈમ્યુનોબુસ્ટ ટેક્નોલોજી

બ્લુ સ્ટાર લિમીટેડે આરઓ, યુવી, આરઓ+યુવી અને આરઓ+યુવી+ યુએફ ટેક્નોલોજીસવાળા વિવિધ કિંમતમાં સ્ટાઈલીશ અને વિવિધતા ધરાવતા વોટર પ્યોરિફાયર્સ પ્રસ્તુત કર્યા છે. આ મોડેલમાં નૂતન અને અનોખી ઈમ્યુનોબુસ્ટ ટેક્નોલોજી વાપરવામાં આવી છે. આ ટેક્નોલોજી આલ્કલાઈન એન્ટિઓક્સડન્ટ જળ પૂરું પાડે છે જે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે છે અને શરીરને તંદુરસ્ત રાખવામાં અને સુચારું રીતે કામ કરવામાં મદદ કરે છે. ઈમ્યુનોબુસ્ટ ટેક્નોલોજી વડે શુદ્ધ થયેલું જળ આલ્કલાઈન ખનિજ અને હાઈડ્રોજનથી ભરપૂર છે. જે મેટાબોલિઝમને સમતોલ રાખે છે. આ જળ શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધારવાની સાથે તેને જરૂરી ખનિજ ઉમેરીને શુદ્ધ, ભરપૂર તત્વથી પોષણ આપે છે, જેનાથી પીએચ બેલેન્સ વધે છે અને જળ ઝેરી તત્વોથી મુક્ત બને છે.

આ વર્ષે સ્થાપનાના ૭૫ વર્ષ પૂરા કરતી બ્લુ સ્ટારે ઓક્ટોબર ૨૦૧૬માં વોટર પ્યોરિફાયર બિઝનેસમાં પ્રવેશી હતી. તેના વોટર કુલર્સ અને બોટલ્ડ વોટર ડિસ્પેન્સર્સ જેવી પ્રોડક્ટ્સ બનાવતી બ્લુ સ્ટારને પાણીની સાથે જૂનો નાતો છે. તેની ઓળખ મહત્વકાંક્ષી અને આધુનિક બ્રાન્ડ તરીકે પ્રસ્થાપિત થઈ છે. ત્યારે આ કંપની ઘરવપરાશ માટેના વોટર પ્યોરિફાઈંગ ક્ષેત્રે એ વિશ્વાસ સાથે પ્રવેશી કે તેના આટલા વર્ષોમાં સંપાદન કરેલા વિશ્વાસના આધારે તે નોંધપાત્ર વિકાસ કરશે. કંપનીનું આ કદમ નવી પ્રોડક્ટની શ્રેણીમાં આક્રમક વિસ્તારની યોજનાને અંતગર્ત છે. કંપની ક્રમશઃ વેપારી વપરાશ માટેના વોટર પ્યોરિફાઈંગ ક્ષેત્રે પણ પ્રવેશ કરશે.

# ઔડી દ્વારા સૌથી પાવરફુલ અને ફાસ્ટ કયુ ૫ લોંચ થઈ

અમદાવાદ,તા.૨૯

લક્ઝરી કારમાં હવે ગ્રાહકો ધીરે ધીરે ડિઝલથી પેટ્રોલ સેગમેન્ટ તરફ વળી રહ્યા છે. અગાઉ ૨૦૧૫માં ડિઝલ વર્ઝનનું વેચાણ ૯૦ ટકા હતું, તેની સામે ૨૦૧૭માં આ રેશ્યો ઘટીને ૭૦ ટકા સુધી આવી ગયો છે અને હજુ ૨૦૨૦ સુધીમાં ડિઝલ-પેટ્રોલ વર્ઝન કારનું વેચાણ ૫૦-૫૦ ટકા સુધી આવશે. જેને ધ્યાનમાં રાખીને તેમ જ પોતાના ગ્રાહકોને ઉત્કૃષ્ટ ફિચર્સ અને સેવા ઉપલબ્ધ બનાવવાના આશયથી ઔડી દ્વારા અત્યારસુધીની તેની સૌથી ફાસ્ટ અને પાવરફુલ કયુ ૫ - ૪૫ ટીએફએસઆઈની પેટ્રોલ આવૃતિ અમદાવાદમાં એસજી હાઈવે પરના શો રૂમ ખાતે લોન્ચ કરવામાં આવી છે. ઔડી કયુ ૭ અને ઔડી કયુ ૩ની ડિઝાઈન એડિશનનું ટીઝર ટૂંક સમયમાં લોન્ચ કરવામાં આવશે એમ અત્રે ઔડી, ઈન્ડિયાના હેડ રાહિલ અન્સારીએ જણાવ્યું હતું. ઔડી કયુ ૫-૪૫ના લોન્ચીંગ પ્રસંગે હિન્દી ફિલ્મોની જાણીતી અભિનેત્રી નીમ્રત કૌર ખાસ ઉપસ્થિત રહી હતી. નીમ્રત કૌરે પણ આ પ્રસંગે જણાવ્યું હતું કે, તે ઔડીની લકઝરી કારની મોટી ફેન છે અને તે ઔડી કાર જ યુઝ કરે છે. તેનું કારણ તેની આરામદાયક સફર, સેફ્ટી ફીચર્સ અને ઉત્કૃષ્ટ ડ્રાઈવેબીલીટી સંતોષ છે. ઔડી, ઈન્ડિયાના હેડ રાહિલ અન્સારીએ વધુમાં જણાવ્યું હતું કે, ઔડી કયુ ૫ -૪૫ ટીએફએસઆઈ ૭ સ્પીડ એસ ટ્રોનિક ટ્રાન્સમીશન સાથે ૧૮૫ કેડબલ્યુ(૨૫૨ બીએચપી)ના કુલ આઉટપુટ સાથે સૌથી અસરકારક ૨.૦ ટીએફએસઆઈ એન્જિનથી સજ્જ છે. તેની ટોપ સ્પીડ પ્રતિ કલાક ૨૩૭ કિ.મીની છે. તે માત્ર ૬.૩ સેકન્ડમાં જ પ્રતિકલાક શૂન્યથી ૧૦૦ કિ.મીની ઝડપ હાંસલ કરી શકે છે. ઉપરાંત ટેકનોલોજી ફિચર્સમાં ઔડી વર્ચ્યુઅલ કોકપીટ, એમએણઆઇ ટચ સાથે એમએમઆઈ નેવિગેશન, ઔડી સ્માર્ટફોન ઈન્ટરફેસ અને કયુઆઇ-વાયરલેસ ચાર્જીંગ સાથે ઔડી ફોનબોક્સ સહિતના અનેક સુવિધાયુકત ફિચર્સ આંખે ઉડીને વળગે તેવા છે. તેમણે ઉમેર્યુ કે, અમારી પેટ્રોલ વ્યૂહરચના સાથે તાલ મિલાવતાં અમે અમારા કુલ વેચાણમાં પેટ્રોલ વેરિએન્ટ્સનું યોગદાન વધારવા માંગીએ છીએ.

## હા, સાહેબ....

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અપેક્ષાઓ જગાવી... બહુ ગુલાબી ચિત્રો દોર્યા..! વચનોની વણઝાર ઉભી કરી..! જુઓને બધા દુઃખી દુઃખી જ છે ને ?!''

''વળી ઠેર ના ઠેર..!! આપણે તો કેવી સરસ વાત કરતા'તા અને પાછા રાજકારણમાં ઢસડાયા..!''

''જવાદો આ બધી વાતો..! ફરી પંચાતના ચોતરેથી કરીશુ..! આજે તો માત્ર એટલું જ કે ઈચ્છાઓ અને અપેક્ષાઓ જેટલી ઓછી તેટલી પીડા ઓછી..! ખરૂ ને..?!''

''હા... સાહેબ... હા..!!''

## હાથતાળી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નથી. આમ નાગરિકો અને ખેડુતો હજુ વરસાદની વાટે છે. જયારે બીજીતરફ રોજબરાજ મોસમના બદલાતા મિજાજ વચ્ચે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં પણ ફેરફાર જોવા મળી રહયો છે. વાતાવરણ પલ્ટા વચ્ચે ગરમીનો પારો આજે ૫ ડી ગ્રી નીચે ઉતરી ગયો હતો. દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે આકાશમાં લુપાછુપી રમતા સુરજદાદા ક્યારેક દેખા દેતા હતા. આમછતા વાતાવરણમાં ભેજનુ પ્રમાણ નોંધપાત્ર હોવાથી નગરજનોએ આકરા તાપની ગેરહાજરી વચ્ચે પણ ઉકળાટ અનુભવ્યો હતો. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૨.૮ ડી ગ્રી નોંધાયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૮.૪ ડી ગ્રી રહયુ હતુ. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ સવારે ૮૨ ટકા અને સાંજે ૭૭ ટકા રહયુ હતુ. જયારે સાંજના સમયે આકાશમાં ઘેરાયેલા વાદળો વચ્ચે નભનો નઝારો કેસરીયો બની ગયો હતો. આહલાદક વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા પણ વરસ્યા હતા. પરંતુ કયાંક તડકો તો ક્યાંક વરસાદ માટી ભીની કરી અદ્રશ્ય થઈ ગયો હતો. પરંતુ મેઘરાજા ધોધમાર વરસ્યા વિના જ ફરી એકવાર હાથતાળી આપી ગયા હતા. મોડી સાંજ સુધી વાદળિયા વાતાવરણ વચ્ચે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

## ભરતી કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાથ ધરાશે. જેમાં અગાઉ આચાર્યોની ભરતી માટે ઓનલાઈન અરજી મંગાવાઈ હતી. જે અન્વયે મેરીટ પણ તૈયાર કરી દેવાયુ છે. વધુમાં પેનલ પણ તૈયાર કરી દેવાઈ છે. જેમાં જિલ્લા શિક્ષણાધિકારી , શાળા સંચાલકો અને બહારના તાલુકાના પ્રતિનિધિઓ પણ સામેલ કરાશે. જિલ્લાની શાળાઓમાં આચાર્યોની ઘટના લીધે વિદ્યાર્થીઓના શિક્ષણ પર માંઠી અસર થઈ રહી હોવાનો પણ આક્રોશ ઉઠવા પામ્યો છે. જયારે આચાર્યોની ભરતીના અભાવે શિક્ષકોના માથે પણ ભારણ વધ્યુ છે. આવા સંજોગોમાં શાળાઓમાં આચાર્યોની ભરતી કરવા માટે ટુંકમાં જ પ્રક્રીયા હાથ ધરાશે. આ માટે અગાઉ તંત્ર દ્વારા ઓનલાઈન અરજી પણ મંગાવાઈ હતી. જેના અંતે મેરીટ પણ તૈયાર કરી દેવાયુ છે. જિલ્લાની ૮૧ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યોની જગ્યા ચાર્જમાં છે. જયારે આચાર્યોની આ ભરતી પ્રક્રીયાના અંતે શાળાઓમાં આચાર્યોને નિમણુંક આપી દેવામાં આવશે. શાળામાં શિક્ષણ કામગીરીમાં અવરોધ પણ દુર થશે. અલબત્ત આચાર્યોની ભરતીના અંતે શાળાઓમાં શિક્ષણ કાર્યમાં સુધાર આવવાની સાથે શિક્ષકો પરનુ ભારણ પણ દુર થશે.

## હળવાશથી ન લે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટીએમસી, બહુજન સમાજ પાર્ટી, આમ આદામી પાર્ટી, સીપીએમ અને ટીડીપીના નેતા બેંગ્લોરમાં એક સાથે પહોંચ્યા હતા. ગૌડાએ કહ્યું હતું કે, સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી હજુ પણ ૪૦-૪૦ લોકસભા સીટો ઉપર વાત કરી રહી છે. બંગાળમાં ટીએમસી અને કોંગ્રેસ સાથે મળીને ચૂંટણી લડવા તૈયાર થઈ ચુક્યા છે. મહારાષ્ટ્રમાં એનસીપી, આંધ્રપ્રદેશમાં ટીડીપી, તેલંગાણામાં ટીઆરએસને કોંગ્રેસની સાથે મળીને ચૂંટણી લડવી જોઈએ કે કેમ તે અંગે નિર્ણય લેવાનો હજુ બાકી છે. જેડીએસે કહ્યું હતુંકે, માત્ર કર્ણાટકમાં અમે નિર્ણય કરી ચુક્યા છે કે, કેટલાક મતભેદ છતાં કોંગ્રેસની સાથે મળીને ચૂંટણી લડીશું પરંતુ આને લઈને ક્ષેત્રિય પક્ષોને હળવાશથી લેવાની જરૂર નથી. ખેંચતાણ વચ્ચે રાહુલ અને કુમારસ્વામી વચ્ચે વાતચીત ટળી ગઈ છે.

## સૈન્ય અભ્યાસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અધિકારીઓ કહ્યું છે કે, આને સેના અને બિનસેના એકીકરણની દિશામાં મહત્વપૂર્ણ ઘટના છે. નવા યુગમાં મજબૂત સેનાના નિર્માણ કરવાના દેશના લક્ષ્યને હાસલ કરવાની દિશામાં પહેલ કરવામાં આવી રહી છે. આ અભ્યાસની કામગીરી સ્થાનિક કંપનીઓ અને સરકારના સહકાર સાથે હાથ ધરવામાં આવી હતી. અભ્યાસની મુખ્ય બાબતો લશ્કરી અને બિનલશ્કરી એકીકરણની રણનીતિ છે જે તિબેટમાં ખુબ મહત્વપૂર્ણ છે જયાં દલાઈ લામાની વિરાસત હજુ પણ અકબંધ રહી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, તિબેટમાં ચોક્કસ વિસ્તારમાં પ્રતિકુળ હવામાન રહે છે. ભૌગોલિક સ્થિતિ પણ જટિલ હોય છે. લાંબા સમયથી ત્યાં સૈનિકોને હથિયારો અને અન્ય ચીજવસ્તુઓ પહોંચાડવાની કામગીરી મુશ્કેલરુપ રહી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ખુબ ઉંચાઈ પર રહેલા સ્થળો ઉપર યુદ્ધમાં સૌથી મોટો પડકાર હથિયારો પહોંચાડવા માટેનો હોય છે. વર્ષ ૧૯૬૨માં ચીન-ભારત સરહદી સંઘર્ષમાં ચીન પુરતા હથિયારો પહોંચાડવામાં નિષ્ફળ રહેવાના કારણે આ જીતનો લાભ લેવામાં નિષ્ફળ રહ્યું હતું. આ યુદ્ધ અભ્યાસની પ્રક્રિયા ઉપર ભારતની ચાંપતી નજર રહી હતી. છેલ્લા ઘણા સમયથી ચીનની ગતિવિધિ ઉપર નજર રાખવામાં આવી રહી છે. ડોકલામમાં લાંબા સમય સુધી ભારત અને ચીનના જવાનો આમને સામને રહ્યા હતા. જો કે, આખરે વિખવાદનો શાંતિપૂર્ણરીતે અંત આવ્યો હતો.

## ડેટા મળશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે, જાન્યુઆરી ૨૦૧૮થી નાણાંકીય વર્ષ પૂર્ણ થવા સુધી તમામ ડેટા તેમની પાસે આવી જશે. આવી સ્થિતિમાં કાળા નાણાં અથવા તો ગેરકાયદે લેવડદેવડ અંગે અંદાજ મુકવો યોગ્ય નથી. વિદેશોમાં જમા કરવામાં આવેલા કાળા નાણાંના સંદર્ભમાં વધારા અંગે તેમણે કહ્યું હતું કે, સ્વિસ બેંકમાં રહેલા નાણાંના સંદર્ભમાં માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટીના પ્રવક્તા તરફથી પણ આકરી પ્રતિક્રિયા આપવામાં આવી હતી. સ્વિત્ઝર્લેન્ડના નવા અહેવાલ મુજબ ભારતીયો દ્વારા સ્વિસ બેંક ખાતામાં જમા કરવામાં આવેલા નાણા ૨૦૧૭માં ૫૦ ટકા વધીને ૭૦૦ કરોડ રૂપિયા સુધીનો આંકડો પહોંચી ગયો છે. આ સંદર્ભમાં સરકાર તરફથી આજે ખુલાસો કરવામાં આવ્યો હતો. સ્વિત્ઝર્લેન્ડ સાથે ભારતની સમજૂતિ થયેલી છે જેના ભાગરુપે માહિતીની આપલે થશે. તેમણે ઉમેર્યુ હતું કે ગયા નવેમ્બર મહિનામાં ભારત અને સ્વિત્ઝર્લેન્ડ વચ્ચે માહિતીની ઓટોમેટિક આપલેના સંદર્ભમાં એક સમજૂતિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા જે હેઠળ બંને દેશો ૨૦૧૮માં ગ્લોબલ સ્ટાન્ડર્ડ મુજબ માહિતીની આપલે કરશે. ૨૦૧૯થી આની શરૂઆત થઈ જશે. સ્વિસ બેંકના આંકડાના સંદર્ભમાં વાત કરતા તેમણે કહ્યું હતુ કે, પહેલી જાન્યુઆરી ૨૦૧૮થી અંત સુધીના આંકડા સરકારને મળી જશે. છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં સરકાર દ્વારા કાળા નાણાને રોકવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે જેમાં બ્લેકમનીને રોકવા નવા કાયદાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઈન્કમ ડિકલેરેશન સ્કીમ અને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાનો સમાવેશ થાય છે. આગામી દિવસોમાં આ મુદ્દે સરકારને વધારે મુશ્કેલીનો સામનો કરવો પડે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. કોંગ્રેસ પાર્ટી પહેલાથી જ લડાયક મૂડમાં આવી ગઈ છે. સુરજેવાલાએ કહ્યું છે કે, અચ્છે દિનની વાત કરવામાં આવી હતી પરંતુ હજુ સુધી અચ્છે દિનની વાત દેખાતી નથી. ભારતીયો દ્વારા સ્વિસ બેંક ખાતામાં જમા કરવામાં આવેલા નાણાંના સંદર્ભમાં આગામી દિવસોમાં કોંગ્રેસ પાર્ટી આક્રમક બનીને ભાજપને ભીંસમાં લેવાના પ્રયાસ કરી શકે છે. મોનસુન સત્રમાં પણ આ મુદ્દો જોરદારરીતે ઉઠે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

